ગાંધીનગર સમાચાર

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

ગૂગલ - જમાનામાં રોદળાં રોવાની જરૂર નહીં!
દેશ-વિદેશ જઈ ગોદડાં ધોવાની જરૂર નહીં
જોવાની જરૂર નહીં ભૂતકાળ બધા ઓળખે છે -
વાંચી લે વિશ્વ 'ફેસ'-બૂક ખોલવાની જરૂર નહીં
(ભાવુક થયા...)

હાઈકુ

ઉકલી ગઈ !
'સ્થાનિક'ની સમસ્યા
ટાઢે પાણીએ...

કરી લ્યો યાદ !
વર્ષમાં એકવાર -
પિતૃ-તર્પણ...

ચિંતન

વરં પ્રાણોચ્છેદઃ સમદ મધવન્મુક્ત કુલિશ પ્રહારે રૃદ્‌ગચ્છ હુલ દહનોદ્‌ગારગુરુભિઃ ।
તુષારાદ્રેઃ સૂનોરહ પિતરિ કલેશવિવશે ન ચા સૌ સંપાતઃ પયસિ પયસાપત્યુ રૂચિતઃ ॥

ચાણક્યના નીતિ શતકનો આ શ્લોક પરાક્રમી પુત્રની કસોટીની વાત કરે છે :

'અભિમાની, મદવાળા ઈંદ્રદેવથી ફેંકાયેલા વજ્ર જેવાં હથિયારોના પ્રહારથી પ્રજ્જવલિત થયેલી અગ્નિની ઊંચી ઊંચી જતી જ્વાળાઓ દુઃસહ હતા. અર્થાત અસહ્ય હતા તેવા સમયે, મૈનાકના પિતાશ્રી પણ દિગ્મૂઢ થઈ ચિંતામાં હતપ્રભ હતા, ત્યારે તેના જ પુત્ર મૈનાર્ક પર્વત આ પ્રહારો સહન કરી ભલે પાંખ કપાઈ જાય છતાં ય (નોંધ : મૈનાક પર્વતને પાંખો હતી અને તેને પરિણામે ઈચ્છાનુસાર ઉડ્ડયન કરી શકતા) પિતા હિમાલયને મદદરુપ થઈ ત્યાગ-બલિદાન આપવાને બદલે પોતાનો જીવ-પાંખ બચાવવા માટે ઊંડા સમુદ્રમાં બેસી ગયા. આ તેમના માટે યોગ્ય નો'તું.

આજના સંદર્ભમાં વિભક્ત પરિવારમાં રહેતા પુત્રો મારું-મારું આગવું અને પિતાની મિલ્કતમાં મારો ભાગની વૃત્તિ ધરાવે છે. પિતા જયારે વિપત્તિમાં હોય ત્યારે દૂર રહી નિર્લેપ રહે છે. આ શ્લોકમાં મૈનાક જેવા પુત્રના દૃષ્ટાંતથી આ સંદેશ મળે છે.

સુવિચાર

- પશ્ચાતાપ એટલે નિજના ન્યાયાલયમાં જાતે અપરાધી તરીકે હાજર થવાનો પ્રયત્ન અને
  જીવન દેવતા પાસે આકરી સજા માગી લેવાની સ્વયંભૂ અભિલાષા - **એસ. ભટ્ટાચાર્ય**
- દરેક વખતે કામમાં ડૂબેલા હોઈએ એનો અર્થ એવો નથી કે આપણે વ્યસ્ત છીએ - **ડૉ. હોમી ભાભા**
- જેના હૃદયમાં પ્રેમ નથી
  તેને માટે નિરાશા અને અંધકારથી ભરેલી કાળકોટડી જેવી આ દુનિયા લાગશે - **પ્રેમચંદ**
- યે નફરત બુરી હૈ, ના પાલો ઉસે, દિલો મેં ખલીશ હૈ નિકાલો ઈસે,
  ના તેરા, ના મેરા, ના ઈસકા, ના ઉસકા, યે સબકા વતન હૈ, બચાલો ઈસે - **નવનીત**
- સમય શબ્દ છે... શબ્દ ભાષાનો અંશ છે... શબ્દભાષાનું સત્ય છે...
  ભાષા સત્ય છે... પણ ભાષામાં સત્ય નથી - **લાભશંકર ઠાકર**
- સુખનો ભોગ ટળે, અને દુઃખનો ડર ટળે તો પાપ ભાગવા માંડે - **હરિન્દ્ર દવે**

(સંકલન : દીપક વી. આસરા)

બોધકથા

જે આપણા હૃદયની વાત ન સમજે, આંખનો ઈશારો ન સમજે, સમસંવેદનશીલ હૈયું ન હોય એવી વ્યક્તિ સાથે વિચારનું આદાન-પ્રધાનનો કોઈ અર્થ નથી. જેને આપણા પર, આપણી વાત પણ ભરોસો ન હોય એની સાથે વાર્તાલાપ-વિશ્વાસ નો શું અર્થ?

એક અભણ શિકારીની જાળમાં ચકલી પકડાઈ ગઈ. ચકલીએ વિનંતી કરી આમેય મારું વજન પચાસ ગ્રામ છે. એ માંસથી તારું પેટ તો નહીં ભરાય - એનાં કરતાં તું મને છોડી દે, તો તેને ત્રણ કિંમતી સલાહ આપું જે તેને જિંદગીમાં ખૂબ ઉપયોગી થશે. શિકારી સંમત થયો.

ચકલી કહે, પહેલી વાત કોઈ પણ અસંભવ જણાય એવી કોઈ વાત નજીકની વ્યક્તિએ કહી હોય તો પણ માનવી નહીં. બીજી વાત, જે ગયું-ખોવાયું તેનો અફસોસ કરવો નહીં.

ત્રીજી વાત કહેવા પહેલાં ચકલી ઊડી ઊંચે ડાળ પર બેઠી, કહ્યું - તેં મને છોડી દીધી પણ મારા પેટમાં બસો ગ્રામનો કિમતી હીરો હતો! શિકારી રડવા લાગ્યો. દુખી થયો. ચકલી કહે, મૂર્ખ તે મારી બે સલાહનો ભંગ કર્યો.

અસંભવ વાત માની મારું વજન પચાસ ગ્રામ છે તો બસો ગ્રામનો હીરો મારા પેટમાં કયાંથી હોય? બીજી વાત, ગયેલી વસ્તુનું દુઃખ કર્યુ શિકારી કહે પણ ત્રીજી વાર તો કહે.

ચકલી કહે, તમારી કોઈ વાત માને નહીં એને ત્રીજી વાત ન કહેવી... ને ચકલી ઊડી ગઈ.

સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓનું ગાડું ગોંચમાં

તંત્રીસ્થાનેથી....

ભારતીય જનતા પાર્ટી માટે આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ એક પ્રકારના લિટમસ ટેસ્ટ જેવી નીવડવાની છે. વર્તમાન સંજોગોમાં પાર્ટી માટે અનેક સ્તરીય પ્રયાસો થઈ રહ્યા છે. સવર્ણ ગરીબો માટે મુખ્યમંત્રીશ્રીએ પ્રસ્તુત કરેલ વિશેષ પૅકેજને પાટીદાર સિવાયના સવર્ણોનો ઉમળકાભેર્યો આવકાર સાંપડ્યો છે, પરંતુ પાટીદારોને એ 'લૉલીપોપ' જ લાગ્યું છે અને નેતાઓને લૉલીપોપ આપવાના પ્રતીકાત્મક કાર્યક્રમથી લઈ મંત્રી રહી ચૂકેલા ચીમનભાઈ સાપરિયા જેવા વરિષ્ઠ ધારાસભ્યનાં કપડાં ફાડવા સુધીના બનાવો નોંધાયા છે. પાટીદાર સમાજનાં મુખ્ય ચાર તીર્થધામોનાં સંચાલક મંડળોએ એકી અવાજે અનામતની માગણીને સમર્થન આપ્યું છે, એટલું જ નહીં - આ ચળવળ ચાલુ રહે એ માટે જરુરી તમામ પ્રકારની સહાય કરવાનું વચન આપ્યું છે. વળી પાટીદારોના ડૉક્ટર ફાઉન્ડેશન દ્વારા શહીદ આંદોલનકારીઓને એક એક કરોડની માતબર સહાય પહોંચાડવાનો નિર્ણય પણ સૂચક ગણાવો જોઈએ. આર્થિક સંદર્ભે આટલો ખમતીધર સમાજ પોતાને ઓબીસી ક્વૉટામાં સામેલ કરાવવાનો દૃઢ સંકલ્પ ધરાવે છે એની આ પ્રતીતિ નથી શું? અદાલત કે બંધારણને પણ અતિક્રમીને એને અનામત જ ખપે છે. આનંદીબેન પટેલ કે નરેન્દ્ર મોદી પાસે એમણે જાહેર કરેલ પૅકેજથી વધુ કશું જ ખપતું નથી, જે આપીને એ પાટીદાર સમાજને રાજી રાખી શકે. આવી વિપરીત સંજોગોમાં ગુજરાતનાં શહેરોમાં મહાનગરપાલિકાઓની અને નગરપાલિકાઓની તેમ જ ગ્રામીણ ક્ષેત્રમાં જિલ્લા પંચાયતો અને તાલુકા પંચાયતોની ચૂંટણીઓનાં પડઘમ વાગતાં હોય ત્યારે સ્વાભાવિક રીતે જ ભાજપની સરકાર અને સંગઠન ગાંધીનગરથી દિલ્હી પર્યંત પરિણામો વિશે સંચિત બને. બાંધી મૂઠીનો ભ્રમ ખૂલી જતાં વાર કેટલી ? કેશુભાઈ પટેલ જેવા લોકપ્રિય મુખ્યમંત્રીના શાસનકાળમાં પંચાયતો અને પેટા ચૂંટણીઓમાં સાંપડેલ પરાજય અંતે એમની કાયમી વિદાયમાં પરિણમ્યો હતો. આનંદીબેન પટેલને આ ઘટના ભુલાઈ ન જ હોય. એથી તેઓ યેનકેન પ્રકારેણ કોર્પોરેશનો અને સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં ભાજપની જીપ સુનિશ્ચિત કરવા માગે એ સમજી શકાય એમ છે. પ્રતિકૂળ સંજોગોમાં ભાજપ માટે કપરાં ચઢાણની પરિસ્થિતિ સરજાઈ છે ત્યારે કોંગ્રેસીઓ મારફત કોર્પોરેશનોમાં એક વોર્ડ દીઠ એક જ પ્રતિનિધિની રજૂઆત અંગેની યાચિકા હાઈકોર્ટ દ્વાર નકારાતાં સુપ્રીમમાં ધા નાખવામાં આવી, એથી કોર્પોરેશનોની ચૂંટણી પર હાલ પૂરતો અદાલતી મનાઈ હૂકમ આવી ગયો છે. પંચાયતોની ચૂંટણીઓ અંગે પણ સરકારી ચૂંટણીપંચ સરકારની અનુકૂળતા મુજબ ગોકળગાય ગતિએ આમગીરી કરી રહ્યું છે. ભાજપની સરકાર અને સંગઠ્ઠન માટે કોંગ્રેસી આગેવાનો દ્વારા કરાયેલ યાચિકા છૂપા આશીર્વાદ સમી સાબિત થઈ રહી હોય એમ નથી લાગતું? નહીંતર હાલના સંજોગો તો કોંગ્રેસ માટે ઘણા સાનુકૂળ નીવડે એવા છે - ચૂંટણી લંબાઈ જાય અને હાલના ડહોળાયેલા માહોલ શાંત પડે, તે ભાજપના લાભમાં છે, કયારેક અક્કરમીનો પડિયો જ કાણો નીકળે તે આનું નામ. કોંગ્રેસ પીટીશન કરીને પોતાના જ પગ પર પથ્થર માર્યો છે.

મહિલા એટલે આંખોથી પેલે પારની હૃદયના માર્ગની અખિલાઈ

વિચારોના મધુવનમાં

પ્રો. રાકેશ પટેલ

વેબસાઈટ (ઈન્દ્રજાલ) પરની એક લઘુકથા ગમી ગઈ. લેખક કહે છે.. એક મિત્રની અચાનક મુલાકાત થઈ, ખુશ થઈને તેમને ભેટી પડ્યો, અને પૂછ્યુ - અરે, મિત્ર કેમ છો ? ખૂબ કમજોર લાગી રહ્યા છો, બધુ ઠીક તો છે ને ? અને નોકરી કેવી ચાલી રહી છે ?

'ઠીક છું' મિત્રના મોઢામાંથી નીકળ્યું અને પછી તેમણે જણાવ્યુ - મને હાર્ટની સમસ્યા થઈ ગઈ હતી, બે એટેક પણ આવી ચૂક્યા છે, તેથી ચિકિત્સીય આધાર પર મેં નિવૃત્તિ લઈ લીધી.

'અરે... મારા મોઢામાંથી નીકળી ગયુ, - 'તો પછી તમારી જગ્યા પર સર્વિસ પર કોણે લગાવ્યો ? તેઓ બોલ્યા - કોઈને નહી.

હું ચોકીને બોલ્યો - પણ કેમ ? તમારા સ્થાન પર એક પુત્રને તો નોકરી મળી શકતી હતી. હવે નથી તો શુ થયુ પણ ત્યારે તો આ નિયમ લાગુ હતો. તેઓ ફીકુ હસ્યાં અને બોલ્યાં 'એક હોત તો લગાવી દેત, હવે ચાર પુત્રોમાંથી કોણે નોકરી પર મુકતો. ચારેય પરસ્પર ઝગડતા, અને મારુ જીવન જીવવુ મુશ્કેલ કરી દેતા. પહેલા જ રૂપિયા અને જમીન માટે પરસ્પર ઝગડા ઓછા થાય છે તો એક વધુ મુસીબત મારા માથે લઈ લેતો. મેં તો ભાઈ ચારેયની આગળ હાથ જોડી લીધા કે ભાઈ મોટી ભૂલ થઈ ગઈ, કે મે ચાર પુત્રોને જન્મ આપ્યો, સારુ થાત જો મને એક પુત્રી હોત. તો હુ તેને જ નોકરી પર લગાવી દેતો. ઓછામાં ઓછુ તે અમારુ ધ્યાન તો રાખતી. કહેતા કહેતા તેમની આંખો ભીની થઈ ગઈ અને મને પણ એ દિવસ યાદ આવી ગયા, જ્યારે તો એવુ કહેવામાં ગર્વ અનુભવતા હતા કે તેઓ ચાર પુત્રના પિતા છે.

આધુનિક નારીને કોઈ મર્યાદાઓ નડતી નથી. સરહદથી શરૂ કરી શિક્ષણની બધી તરાહોમાં તે છવાઈ ગઈ છે. તેની આંખો જાણે કે હવે ખુલી છે. પ્રભાતની સડક પર દોડવાનું શરૂ કર્યુ છે. જાણે સદીઓની બેડીઓને તોડીને બધાની આગળ જવા ઉત્સુક છે. બાળકને ઉછેરતાં-ઉછેરતાં ઘણા કામ કરી શકાય તે આજની નારીની વિશેષતા છે.

ભારતીય ગ્રંથોમાં સ્ત્રીઓ વિશે કહ્યું છે કે જે કુળમાં નારીઓની પૂજા અર્થાત સત્કાર થાય છે, તે કુળમાં દિવ્યગુણવાળી અને ઉત્તમ સંતાન પ્રાપ્ત થાય છે. અને જે કુળમાં સ્ત્રીઓનો સત્કાર થતો નથી ત્યાં સર્વ ક્રિયાઓ નિષ્ફળ નીવડે છે. ઐશ્વર્યની ઈચ્છા કરનાર પુરુષો માટે યોગ્ય છે કે ઉત્સવોમાં અને જ્યારે જ્યારે સત્કારનો સમય આવે ત્યારે ત્યારે ભૂષણ, વસ્ત્રો અને ખાનપાન આદિથી સ્ત્રીઓનો સત્કાર કરી તેમને પ્રસન્ન રાખે. જો સ્ત્રી પુરુષ એકબીજાને પ્રસન્ન ન રાખે તો તે સ્ત્રી તથા પુરુષના અપ્રસન્ન રહેવાથી આખું કુળ અપ્રસન્ન અને શોકાતુર રહે છે. અને જો પુરુષથી સ્ત્રી પ્રસન્ન રહે છે તો આખું કુળ તથા કુટુંબ આનંદરૂપ દેખાય છે.

આગળ કહ્યું છે... હે પુરુષો! સંતાન પ્રાપ્તિ માટે મહાભાગ્યોદય કરનારી સત્કાર યોગ્ય અને ગૃહસ્થઆશ્રમનો પ્રકાશ કરનારી સ્ત્રીઓ જે ઘરોમાં છે તે લક્ષ્મીસ્વરૂપછે. સંતાનપ્રાપ્તિ, ધર્મકાર્ય સેવા, ઉત્તમ સેવા અને રતિ તથા પોતાનું અને પિતા આદિ વડીલોનું સર્વ સુખ સ્ત્રીને આધીન છે, એટલે કે સ્ત્રીને લીધે છે. બીજા શબ્દોમાં કહીએ તો, સ્ત્રી ઘણી રીતે આનંદનો મૂળ સ્ત્રોત છે. - માતા, પુત્રી, પત્ની તરીકે તો, કોઈક વખત આધ્યાત્મિક કામોમાં સહભાગી તરીકે! આનો એ અર્થ થાય છે કે અધ્યાત્મિક કાર્યોમાં, ધાર્મિક કર્મકાંડોમાં, વેદ અધ્યયન અને તેના પ્રચારમાં સ્ત્રી સહભાગી હોવી અતિ આવશ્યક છે. સ્ત્રી અને પુરુષ એકબીજા વગર અપૂર્ણ છે. જ્ઞાની પુરુષે યજ્ઞ કરનાર, સદા ઉત્તમ આચરણની શિક્ષા આપનાર, વિદ્યા ભણાવનાર, અતિથિ, માતા, બહેન, પુત્રી, પત્ની અને સેવકો વગેરે સાથે વિવાદ કે તેમના વિરુદ્ધ ઝગડો કદી કરવો નહીં. વિવાહની અવસ્થામાં કન્યાને ન આપનાર અર્થાત તેનો વિવાહ ન કરનાર પિતા નિંદનીય બને છે. વિવાહ થઈ ગયા પછી પત્નીને સંતોષ ન આપનાર પતિ નિંદનીય બને છે. અને પતિના મૃત્યુ પછી માતાનું ભરણ-પોષણ આદિથી રક્ષા ન કરનાર પુત્ર નિંદનીય બને છે. જો વર-કન્યાના ગુણ, કર્મ અને સ્વભાવ પરસ્પર વિરુદ્ધ હોય અને વર કન્યાને યોગ્ય ન હોય તો ભલેને કન્યા આજીવન કુંવારી રહે, પણ તેનો વિવાહ આવાં વર સાથે ન કરાવવો જોઈએ.

શારીરિક અને માનસિક રીતે પરિપક્વ થયા બાદ કન્યા પોતાના વરનો ચુનાવ કરવામાં સંપૂર્ણ સ્વતંત્ર છે. આ ઉપરાંત જો માતા-પિતા કન્યા માટે યોગ્ય વરનો ચુનાવ ન કરી શકે તો કન્યા સ્વયં પોતાના વરનો ચુનાવ કરે. પુત્રી પુત્રને સમાન હોય છે. આથી પુત્રીની ઉપસ્થિતિમાં તેની સંપતિ હડપવાનો અધિકાર કોઈને નથી. માતાની સંપત્તિ પર માત્ર પુત્રીનો જ અધિકાર છે.

જ્યોતિષ શાસ્ત્ર અનુસાર સ્ત્રીઓ મુખ્યત્વે પાંચ પ્રકારની હોય છે. તે પ્રકારોમાં જેમકે, પ્રથમ ક્રમે છે ...શંખિની - શંખિની સ્વભાવની સ્ત્રીઓ દેખાવમાં લાંબી, સુંદર તથા ક્રોધી સ્વભાવની હોય છે. બીજા લોકોની વાત માનવી તેમને ગુલામી જેવી લાગે છે અને તેમનું મન સદા જ ભોગ વિલાસમાં ડુબેલું રહે છે.સામાન્ય રીતે આવી યુવતીઓનો અવાજ

અનુસંધાન પાના નં. ૭ પર

બા મને માફ કરી દો... એ લીલા કરનારાની લીલાનો કોઈ પાર પામી શકતું નથી, એ તો બધાનો બેડો પાર કરે છે

નવાં કલેવર

નટવર હેડાઉ

સવારના આઠ વાગ્યા હતા. હું મારા ઓરડામાં બેસીને વિનયે આપેલ 'બાયસ્કોપ' જોતો હતો. તેમાં ગોવાનાં વિહંગમ દશ્યો હતા. આ દશ્યોમાં જળક્રિડારત અર્ધ-સ્નાતા સુંદરીઓની મનમોહક છબીઓ જોતાં જોતાં હું તેમાં એટલો ખોવાઈ ગયો હતો કે મને ખબર જ ન પડી કે પુજાઘરમાં તાળી વાગવાનો અવાજ કયારે બંધ થયો અને પૂજા કરીને બા કયારે મારા ઓરડાના બારણે આવી ગયા. મારું ધ્યાન ભંગ તો ત્યારે થયું જયારે બાના મમતાભર્યા શબ્દો અચાનક મારા કાને પડ્યા.

'બેટા, હરિ, આ તીર્થયાત્રા વાળુ દૂરબીન તને કયાંથી મળ્યું? તને ખબર છે આ મેં તારા માટે હરિદ્વાર ગયેલા તે વખતે ખરીદેલું. તારો જન્મ હરિ કૃપાએ થયેલો. તેથી તારું નામ હરિ રાખ્યું હતું. તેને સાથે લઈ અમે મથુરા, વૃંદાવન, બધે દર્શન કરવા ગયેલા એ વાતને તો વર્ષો થઈ ગયા. તારાં લગ્ન પછી કોણ જાણે આ દૂરબીન કયાં ગુમ થઈ ગયેલું.' 'લાવ જોઈએ, તેમાં જોઉં તો ખરી ભગવાનની કેવી કેવી લીલાઓ છે?'

બા, ના શબ્દો સાંભળી હું તો ગભરાઈ જ ગયો. મેં મારી જાત પર કાબૂ મેળવતાં કહ્યું 'બા આમાં તો કંઈ નથી બિલકુલ ખાલી છે. આજે બજારમાં જઈ તેમાં તીર્થદર્શન વાળી રીલ નંખાવી આવીશ, પછી જોજો.'

'તો પછી તું શું જોઈ રહ્યો હતો? એકલો એકલો ભગવાનની લીલા જોયા કરીશ, મને નહીં બતાવે, તને થઈશું ગયું છે?' બા જરા નારાજ થઈ બોલ્યાં.

'મેં કહ્યું ને કે આમાં કંઈ નથી. તમે તમારું કામ કરો.' મારા સ્વરમાં ખીજ આવી ગઈ હતી.

મારો જવાબ સાંભળી બા પાછાં પુજાઘરમાં જઈ બેઠાં. મેં વિનયના 'બાયસ્કોપ' ને કબાટમાં મુકેલ ભાગવતની નીચે છુપાવી દીધું. પત્ની મંદિર ગઈ હતી. હું ઝટપટ તૈયાર થયો અને પત્ની આવે એ પહેલાં ઓફિસે આવી ગયો. પણ આજે ઓફિસમાં મન લાગતું ન હતું. પહેલીવાર મેં બાનું દિલ દુભાવ્યું હતું. મેં નક્કી કર્યું કે બજારમાંથી તીર્થદર્શન વાળું બીજું બાયસ્કોપ લાવી બાને આપી દઈશ. અને સવારે કરેલ વર્તન બદલ માફી માંગી લઈશ. ઓફિસમાંથી અડધા દિવસની રજા લઈ હું બજારમાં જઈ પહોંચ્યો. દુકાને દુકાને ભર્યો, ઘણું શોધ્યું પણ એ 'બાયસ્કોપ' મળ્યું જ નહીં. જેમાં દેવદર્શનના દશ્યો હોય. હા વિનયે આપેલ એવા 'બાયસ્કોપ' તો અમુક દુકાનોમાં મળતાં હતા. દુકાનદારોનું એમ કહેવું હતું કે આજકાલ બજારમાં આવાં જ 'બાયસ્કોપ'ની માંગ છે.

હારી-થાકીને પાંચ વાગ્યા પછી હું ઘરે પાછો આવતો રહ્યો. ઘરમાં પ્રવેશતા જ મારા હૃદયના ધબકારા વધી ગયા. બા પુજાઘરમાં બેઠાં બેઠાં 'બાયસ્કોપ' જોતાં હતાં. હું ધીમે પગલે ઓરડામાં પહોંચ્યો અને હજુ પલંગ પર બેઠો હતો ત્યાં પત્ની આવી ગઈ. તે કટાક્ષભર્યા સ્વરે બોલી. 'આજે તમે બાને શું કહીને ગયેલા? હું મંદિરેથી આવીને જોયું તો બા રડતાં હતા. અને કહેતાં હતા કે હવે જીવવામાં કંઈ સાર નથી. તીર્થયાત્રા વાળા દૂરબીનમાં જયાં સુધી ભગવાનની લીલાના દર્શન નહીં કરું ત્યાં સુધી અન્ન જળ ગ્રહણ નહીં કરું.' બા પોતાના દુઃખની વાત કરતાં કહેતાં હતા કે ઘણા લાંબા સમય સુધી બાળક ન થતાં અમે ભગવાનની માનતા માનેલી અને હરિનો જન્મ થયેલો. તેથી માનતા પુરી કરવા અમે હરિને લઈને હરિદ્વાર ગયેલાં તે વખતે 'તીર્થયાત્રા' વાળું દૂરબીન મેં તેને અપાવેલું. પણ આજે એમાં દર્શન કરવાની હરિ મને ના પાડે છે. શું આ દિવસો દેખાડવા ભગવાને મને સંતાન આપેલ. કહેતા એ પુજાઘરમાં જતાં રહ્યાં. મેં તેમને બહુ સમજાવ્યા. મેં જયારે ભાગવત ઉપાડી તો તેની નીચે આ 'બાયસ્કોપ' મળી ગયું છે. મેં બાને એ બતાવ્યું એટલે ખુશ થતાં બોલ્યાં કે હાં એ જ છે. અને તે જોવા લાગ્યાં પછી તો જમી પણ લીધું અને હવે વારંવાર એને જ જોઈ રહ્યાં છે. જાણે કે જોતાં ધરાતા જ નથી.'

હું બેચેન થઈ ગયો. બા મારી બાબતમાં શું વિચારતા હશે. મેં પત્નીને અહા લાવવા કહ્યું એટલે એ ગઈ. હું મારું માથું પકડીને બેસી ગયો. તેવામાં બારણેથી બાએ પ્રવેશ કર્યો અને સ્નેહભર્યા શબ્દોમાં બોલ્યાં, 'હરિ તું આવી ગયો. જો તેં ભગવાનની લીલાનાં દર્શન ન કરાવ્યા, પણ મારી વહુ કેવી ભલી અને ડાહી છે, તેનાથી મારી વ્યાકુળતા જોવાઈ નહીં. બિચારી ખુબ ચિંતામાં પડી ગયેલી. તેણે કહ્યું 'ભગવાનમાં દર્શન પછી તમે કરી લેજો હમણાં હું તમને ભગવાનની કથા સંભળાવું. હમણાં ભાગવત લાવું છું. ભાગવત સાંભળવાથી તમને સારું લાગશે. પણ મેં તો હઠ પકડેલી કે ભગવાનની લીલા જોયા વિના મને ચેન નહોતું. વહુ બિચારી અસંમજસમાં હતી. તે કલાકો સુધી આમ તેમ શોધતી રહી. પણ આ દૂરબીન તેને મળ્યું નહીં.' પછી વહુએ ભાગવત ઉપાડી. ત્યાં એની નીચે આ દૂરબીન દેખાયું. એ તેને લઈ આવી અને બોલી 'બા તમે આની જ વાત કરતાં હતા ને?'

'હાં, આજ છે.' કહેતા હું કેટલી ખુશ થઈ તેનો અંદાજ તને નહીં આવે. વહુના હાથમાંથી તે લઈ હું પુજાઘરમાં જતી રહી. અને રીલ ફેરવી ભગવાનની જાત જાતની લીલા જોઈ. પછી જમી પણ લીધું. પણ મારું મન ભરાયું નહીં. ફરી પાછી પુજાની ઓરડીમાં આવી ને બેઠી. ત્યારથી સતત જોઈ રહી છું? 'ભલું થાય વહુનું, તેના કારણે રાસ રચૈયાની અનોખી લીલાનાં દર્શન થયા. કેવી સુંદર લીલા છે. યમુનાજીના નિર્મળ નીરમાં ગોકુળની ગોપીઓ સ્નાન કરી રહી છે અને નટખટ કનૈયો તેમનાં કપડાં લઈ કોણ જાણે કયાં છુપાઈ ગયો છે. હું તેને શોધું છું. એ કપટી કયાંક તો દેખાઈ જશે ને! બિચારી ગોપીઓને કયાં સુધી હેરાન પરેશાન કરશે, તડપાવશે.'

બાની મધુરવાણીની પાવનતાએ મારા મનના બધા કલુષીત ભાવ ધોઈ નાખ્યાં. મેં રાહતનો શ્વાસ લીધો અને મનોમન બોલ્યો. ગોપીઓને તો એણે હેરાન કરી કે ન કરી એની ખબર નથી પણ આખો દિવસ મને ખુબ હેરાન પરેશાન કરી મૂક્યો. મેં સંકોચ સાથે કહ્યું, 'ખબર નહીં મને શું થઈ ગયેલું. બા મને માફ કરી દો, એ લીલા કરનારાની લીલાનો કોઈ પાર પામી શકતું નથી. એ તો બધાનો બેડો પાર કરે છે.' કહેતા કહેતાં મેં બા સમક્ષ શ્રદ્ધાથી મારા બંને હાથ જોડ્યા.

- vanvihari@gmail.com

શ્રાદ્ધની શ્રદ્ધા..!! કાગડો પિતૃ બની 'કાગવાસ' આરોગી જાય છે..!!

Hello ફ્રેન્ડસ

સંજય થોરાત

'તું પ્યાર કા સાગર હૈ, તેરી એક બુંદ કે પ્યાસે હમ...' પ્રાર્થના પતી અને પાર્વતીબેન એમના આદર્શ નિવાસી સ્કૂલના ધોરણ પાંચના વર્ગમાં પહોંચ્યા. આજે સવારે સ્કૂલે આવતાં પહેલાં એમણે નક્કી કરેલું કે આજથી શ્રાદ્ધ શરુ થાય છે, તો બાળકોને શ્રાદ્ધ અને શ્રદ્ધાની માહિતી આપવી જેથી એમને પિતૃઓ અને કાગવાસ કે ખીર ખાવાનો મહિમા સમજાય...

સહકારી સહાય પર ચાલતી શાળાના આ વર્ગની બધી બેંચ ફૂલ ભરાયેલી હતી, ૬૫ જણાના વર્ગમાં બધાં જ વિદ્યાર્થીઓ પાર્વતીબેનની શ્રાદ્ધની અવનવી વાતો કાન દઈને કુતૂહલપૂર્વક સાંભળી રહ્યાં હતા. એટલામાં વર્ગની બારી પર એક કાગડો આવીને બેઠો અને કાં.. કાં.. કરવા લાગ્યો. પાર્વતીબેન અને આખો વર્ગ જાણે શ્રાદ્ધની સાક્ષી પુરાવવા આવેલા કાગડાને જોવા લાગ્યાં...

ભણીગણીને શિક્ષિકા બનેલા પાર્વતીબેન શહેરમાં સરકારી નોકરીને કારણે આવીને વસેલા, એ આ કાગડાંનો જોતાં જ વિચલીત થઈ ગયાં. એમનાં મનમાં યાદોમાં વાદળો ભરાઈ આવ્યાં, બધી યાદો જાણે કે લહેરાતા પવન સાથે એમનાં શરીરને સ્પર્શવા લાગી... મહેસાણાની બાજુમાં આવેલું લાખવડ ગામ એમનું પિયર... મહેસાણાથી અંદરની બાજુ વળો એટલે ૨૦ કિ.મી.ના અંતરે એમનું પિયર દેખાવા લાગે, ઘરનાં આંગણે જ એક મોટું વડનું ઝાડ, એનાં થડીયાંને ફરતે એક ઓટલો બેસવા બનાવેલો, અને આંગણામાં ઘટાદાર તુલસીનો કયારો...

એ દિવસે પાર્વતીબેન એમના પિયરમાં ગયા હતા, સાંજનો સમય હતો, એમની એસ્ટીલો ગાડી આંગણામાં રોકાઈ, આ હા હા.. કેટલું મોટું આંગણું, ગાંધીનગરના ૯૦ મીટરના મકાન બહાર સાંજે ગાડી પાર્ક કરવા જયાં બે-ચાર વખત રિવર્સ-ફર્સ્ટ કરે ત્યાં મેળ પડે, જયાં અહીં તો બ્રેક મારી ત્યાં પાર્કિંગ... ગાડીની બાજુમાં સિમેન્ટની પાણીની મોટી ટાંકી, બે-ચાર કૂતરાં, બકરાં, કાબર, ચકલી, કબુતર જેવા પક્ષી એના ટપકતાં નળે, તો ભરાયેલાં પાણીમાં સ્નાન અને તરસ બંને કામ કરતાં હતા... મોગરાનાં વેલ પર ઢગલો ફૂલો લાગેલાં હતા... પાર્વતીબેન ગાડીમાંથી ઉતર્યા...

સામે જોયું, સાગના લાકડાંના ખુલ્લા બારણાના ઉંબરે એમનાં માતા સવિતાબેન બેઠેલાં હતા, હવે તો એ ૮૦ વર્ષના થયાં હતા. મેઈન દરવાજાનો ઉંબરો એમની ગમતી જગ્યા હતી, બિલકુલ મજબૂત અવાજમાં એ બોલતાં. અને તેઓ બોલ્યા જ, 'કહું છું, સાંભળો છો, ગાંધીનગરથી ગાડી આવી છે, સવારે જ વડલાં પર કાગડો બોલતો હતો. જુઓ, આવ્યો મારો ડ્રાઈવર, ગાડી ચલાવીને થાકી ગઈ હોઈશ ને?'

શ્વાસ છેલ્લો જેણે વૃદ્ધાશ્રમમાં લીધો હોય તો, કાગડો થઈ શ્રાદ્ધમાં એ તારી છત પર આવશે?

એમના બાને એમના બધાં બાળકોનો બહુ ગર્વ હતો. પાર્વતીબેનને એક બેન અને બે ભાઈ, ચારેય જણો ભેગા થઈને નક્કી કર્યું હતું કે બા-બાપુજીના લગ્નના ૫૦ વર્ષના લગ્નજીવનની દમદાર ઉજવણી કરીએ... એ દિવસ આવ્યો, ખૂબ જ આનંદપૂર્વકએ પ્રસંગ ઉજવાયો. પિયરનું આગણું પુત્ર-પુત્રવધૂ-પૌત્રો, ભાણીયા-ભત્રીજાથી છલકાઈ ગયું હતું. મા-બાપની જિંદગી તો ખેતરમાં મહેનત કરવામાં જ ગઈ હતી, આ બધું તો એમને શું ખબર પડે? અવનવાં ડે અને પાર્ટીઓ સાથે આમને શું નિસ્બત? બા કયારેય ઘર મુકીને કયાંક ગયા નહોતાં, એમનાં પિયર પણ નહીં, એ મહેનત કરીને થાકી જતી પણ કયારેય એણે ઘરનો ઉંબરો ઓળંગ્યો નહીં!!

કાર્યક્રમમાં બા-બાપુજી માટે બધાં બહુ લાગણીથી બોલતાં હતાં, અને ત્યારે કોઈને પણ એવું નહોતું લાગ્યું કે આ બા સાથેની છેલ્લી મુલાકાત હશે! કાર્યક્રમના મહિના બાદ જ સવિતાબેન સૌને છોડી ગયાં. બાપુજીની તબીયત નહોતી સારી એટલે એ મોટા દીકરાને ઘરે મુંબઈમાં હતા, બાની સાથે છેલ્લી ઘડીઓમાં કોઈ જ હાજર નહોતું, અને એનું જ સૌથી વધુ દુઃખ સૌને હતું.

આજે હવે પાર્વતીબેન લાખવડ જાય છે, ત્યારે એ જ વડલો, આંગણું, પાણીની ટાંકી પાસે પાર્કિંગ કરી ગાડી ઊભી રહે છે. ઘર, તુલસી કયારો બધું જ છે, પણ વડવાઈઓ શાંત છે, પાંદડાં હાલતાં નથી, કાબર-કબુતર-ચકલી પાણી ટપકતાં નળે તરસ છીપાવવાં દેખાતાં નથી, કૂતરાં-બકરાં પણ કદાચ બીજી શેરીમાં જતાં રહ્યાં છે... બા શું, ગયા, ઘરનો આત્મા ચાલ્યો ગયો છે, સાગનું બારણું સુમસાન છે અને ઉંબરો નિસાસા નાંખે છે... બારણા તરફ જોતાં સવિતાબેન હોવાનો ભાસ થાય છે, અને હોઠમાંથી 'બા'નો શબ્દ આવતાં પહેલાં તો આંખમાંથી અશ્રુ આવે છે!



આ ઘર સાચવનારી, ઉંબરામાં બેસેલી બા હવે કયારેય દેખાવાની નથી. પાર્વતીબેન એમ જ આગળ વધે છે. ઉંબરાને વાંકા વળીને નમસ્કાર કરે છે, બા ના સ્પર્શથી, એનાં અસ્તિત્વથી, માતૃત્વથી પાવન થયેલો ઉંબરો પણ જાણે એમનાં પીઠ પરથી હાથ ફેરવતાં પૂછે છે, 'આવી ગઈ બેટા? થાકી ગઈ હોઈશ ને ગાડી ચલાવીને? આવી બેસ.'

પાર્વતીબેન એમના બા નો અવાજ સાંભળવા અને બાપુજીને થતો પોકાર સાંભળવા આતુર હતાં... પણ ઘરની બધી દિવાલો, બધાં ખૂણાં ખાંચરા બાના અવાજના સાક્ષી છે, અને હવે એ પણ બધાં શાંત છે, ઉંબરામાં બેસેલી બાની મૂર્તિ આજેય એમ જ બેસેલી પાર્વતીબેનને દેખાઈ રહી છે...

પાર્વતીબેન તો ભૂતકાળમાં સરી પડ્યા હતા... એટલામાં એક વિદ્યાર્થીએ પ્રશ્ન કર્યો, 'બેન જે લોકો એમનાં મા-બાપને વૃદ્ધાશ્રમ મુકી આવે પછી એ મરી જાય ત્યારે એમનું શ્રાદ્ધ કરે તો શું કાગડો એમનો પિતૃ બની કાગવાસ કરવા ધાબે આવે ખરો?'

'જેવો જેનો પ્રેમ બેટા, આપણને કારણની ખબર નથી પણ શ્રદ્ધાથી શ્રાદ્ધ કરે તો માબાપ તો હંમેશા દયાળુ જ હોય એ જરુર પોતાના સંતાનને સુખી જોવાં આંટો મારી જ જાય' પાર્વતીબેન બોલ્યાં અને એ ફરી વિચારે ચઢ્યા... આજે બા ને જઈને એક મહિનો થયો. પપ્પા એમની સાથે જ હતાં. શ્રાદ્ધ હતુ અને મા ને કાગવાસ નાંખવા એમને પણ સવારથી તૈયારી કરી હતી. ખીર-પૂરી લઈ છતે ગયા, પણ કાગડો આવ્યો નહીં. પાર્વતીબેન આમેય શ્રદ્ધામાં ઓછું માનતા હતા... એટલામાં મુંબઈથી ભાઈનો ફોન આવ્યો, 'કાગડો કાગવાસ કરી ગયો...' સુરત મુંબઈથી ભાઈનો ફોન આવ્યો, 'કાગડો ખીર ખાઈ ગયો....' પાલનપુર રહેતી બહેનનો પણ એવો જ ફોન હતો... પાર્તવીબેન મજાકમાં બોલ્યાં ય ખરાં, 'બા એ કયાં કયાં જવાનું ? મુંબઈ, સુરત, પાલનપુર કે ગાંધીનગર? આવતા વર્ષે ચોક્કસ આવશે.' ... એમ કહી ફટાફટ સાડી ચેન્જ કરી એ સ્કૂલમાં પહોંચીને બાળકોને ભણાવવાં લાગ્યાં...

કાગડાના અવાજે એમને ભણાવવાનું બંધ કર્યું. એમનું મન વિચલીત થયું. એમણે એક વિદ્યાર્થીને મોકલ્યો ગાડીમાંથી ટિફીન લાવવાં કહ્યું. એમાંથી એમણે શાક-રોટલી-વડા ખિચડીમાં મૂક્યા. કાગડો દૂર ઊડી ગયો, પણ જેવાં પાર્વતીબેન બારી પાસેથી દૂર થયાં એટલે એણે વડુ ઉપાડ્યું અને સામેના લીમડાંને ઝાડે જઈને બેઠો... કાગડો કાગવાસ લઈ ગયો હતો, એમનાં જીવને શાંતિ થઈ. આંખોમાંથી અશ્રુ ગાલ પર થઈ દદડી રહ્યાં હતા... શ્રાદ્ધની શ્રદ્ધા કે અંધશ્રદ્ધા એ એમને ખબર નહોતી પણ એક સમાધાન થયું હતું!

ચૂંટલો : શ્રાદ્ધ એ શ્રદ્ધાનો વિષય છે, ખરા દિલથી પિતૃતર્પણ કરો તો જરુર કાગવાસ કરવા કાગડો આવે જ, પણ એથીય વિશેષ જો જીવતે જીવ એમની ઈચ્છાઓ સંતોષાય તો કાગડો ના આવે તો વસવસો ના થાય!

(શિર્ષક પંક્તિ : ભાવેશ ભટ્ટ)